## વડોદરાના મે. એડી.જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ , મુ. વડોદરા

ક્રિમીનલ કેસ નં. **2413/2025**

GJVD020031132025

**ફરિયાદી : નામદાર સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : મયંક રમેશભાઈ રાઠોડ**

ગુનો : ધી ગુજરાત પ્રોહિબીશન એક્ટ ની કલમ – 66(1)**B**,85(1) મુજબ

## ચુકાદો

સદર કામે આરોપી સામે ગુજરાત પ્રોહીબિશન એક્ટની કલમ– **66(1)B,85(1)** મુજબનું ચાર્જશીટ આ કામે રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજ રોજ આરોપી હાજર છે. આજ રોજ સ્પેશિયલ સિટિંગ ના પાવર કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીની ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબૂલ કરવાનુ જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબૂલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વૈચ્છિક કબૂલાત કરતા હોવાનુ ફલિત થાય છે. આરોપીની આઈડેન્ટીફિકેશન

કરવામાં આવેલ છે. આરોપી સામેનું ચાર્જશીટ જોતા આરોપીનું કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાનુ ફલિત થતું નથી, કેસના સંજોગો, આરોપીની કેફિયત અને તેની કૌટુંબિક જવાબદારી ને ધ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતો હોય તે તમામ હકીકત ને ધ્યાને રાખતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજા ની જોગવાઈ ને ધ્યાને લેતા ન્યુનત્તમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ હોવાનુ જણાઈ છે. પરંતુ તે તમામ હકીકત ની સાથે આરોપીની વર્તણૂક અને તેની સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવું હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જશીટ ના સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક સ્થિતિ તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ **નામદાર વડી અદાલત ના ગુજરાત રાજ્ય વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર (2005)** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ને ધ્યાને લેતા કોર્ટ આરોપીને ન્યૂનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકન ધ્યાને લેતા અને હાથ પરના કેસના સંજોગો જોતા તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનું માનવું છે જેથી આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનત્તમ સજા ને બદલે ઓછી સજા કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટની માનવું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>હુકમ</u>

આ કામના આરોપીને મજકુર ગુના સબબ **ભારતીય નાગરીક સુરક્ષા-૨૦૨૩ ની કલમ-૨૬૪** અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂ.200/- અંકે રૂપિયા બસો પૂરા** દંડ પેટે ભરપાઈ કરવાનો હુકમ ફરમાવું છું. જો

આરોપી દંડની રકમ ભરવામાં ઇનકાર કરે કે કસુર કરે તો વધુ **દિન–૫** ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે થી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તે સિવાય આ કામે જો વાહન/મોબાઇલ મુદ્દામાલ તરીકે કબ્જે કરેલ હોય અને જો તે અંગે વચગાળાનો કોઇ હુકમ કરવામાં આવે તો તે યથાવત રાખવામાં આવે છે. અન્યથા જવાબદાર પોલીસ અધિકારીએ મુદ્દામાલ અંગે ઇન્કવાયરી કરીને માલિકીના ઓળખના આધાર પુરાવા લઇ તેના મૂળ માલિક ને પરત કરવુ.

આ હુકમ આજ રોજ સ્પેશ્યલ સિટિંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા:–૦૮/૦૩/૨૦૨૫
વડોદરા

(એન.બી.શર્મા)
૧૩માં એડી.જયુડી.મેજી.ફ.ક.
વડોદરા. કોડ:– જીજે.૦૧૭૨૮